# અંબાજી મંદિરમાં મોહનથાળ બંધ કરવાનો નિર્ણય યોગ્ય નથી : માઈભક્તો

**મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરવાના નિર્ણયનો ઉગ્ર વિરોધ કર્યો**



ડીસા, તા. ૫

અંબાજી ખાતે મોહનથાળ પ્રસાદને બંધ કરવાની હિલચાલને લઈને માઈભક્તોમાં રોષ જોવા મળી રહ્યો છે. અંબાજીમાં સ્થાનિક લોકો આ મોહનથાળ પ્રસાદ બંધ કરવાની વાતને લઈને વિરોધ નોંધાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે, વર્ષોથી પરંપરા ચાલી આવે છે, મોહનથાળ પ્રસાદ વર્ષોથી અંબાજી ખાતે આવનારા લાખો લોકોને આપવામાં આવી રહ્યો છે. ત્યારે આ મોહનથાળ પ્રસાદ બંધ કરી અને ચીકીનો પ્રસાદ આપવાની જે વાત છે તે યોગ્ય નથી. મોહનથાળ પ્રસાદ જ રાખવો જોઈએ તેવી અંબાજીના ભૂદેવો પણ માગ કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી સતત આ વિવાદ ચાલી રહ્યો છે. મહાપ્રસાદ મોહનથાળ પ્રસાદને લઈ અને લોકોની માગ છે કે, મોહનથાળ પ્રસાદ આપવામાં આવે અને તેને લઈને જે મોહનથાળ પ્રસાદ બંધ કરવાની જે હિલચાલ ચાલી રહી છે, તેની સામે અંબાજીના ભૂદેવો સહિત લોકો પણ વિરોધ કરી રહ્યા છે. અંબાજી ખાતે મોહનથાળ પ્રસાદ બંધ કરવાની વાતને લઈને દૂર દૂરથી આવતા માઈ ભક્તોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. અંબાજી ખાતે દર્શન માટે આવી રહેલા ભક્તો પણ આ મોહનથાળ પ્રસાદ બંધ ન થાય તેવી પણ અપીલ કરી રહ્યા છે. કેમ કે લાખો ભક્તો પ્રસાદ ઘરે પણ લઈ જતા હોય છે, ત્યારે આ પ્રસાદ બંધ કરવાની જે હિલચાલ છે જે વાતને લઈ દૂર દૂરથી આવતા ભક્તો પણ નારાજ જોવા મળ્યા હતા.

**એકમાત્ર હરસોલ-પ્રાંતિજ રોડ પરના ખારી નદીના બ્રીજની મરામત માટે દરખાસ્ત**

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૪૯ મુખ્ય બ્રીજ સલામત હોવાનો સરકારમાં રિપોર્ટ

**બાયડ નજીકનો ૬૮ વર્ષ જૂનો વાત્રક પુલ પણ સલામત, સમાંતરે નવા બ્રીજની જરુરીયાત**








બાયડ, તા.૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓને એકબીજાથી જોડતા ૪૯ બ્રીજ સલામત હોવાનો રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ દ્વારા સરકારમાં રિપોર્ટ કરાયો છે. મોડાસા-કપડવંજ હાઈવે ઉપર બાયડ તાલુકાના વાત્રક ગામ નજીકનો વાત્રક પુલ ૬૮ જૂનો છે પરંતુ તે સલામત હોવાનો રિપોર્ટ વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે પરંતુ વાત્રક પુલ ક્ષતિગ્રસ્ત થાય તો અનેક વિસ્તારો સંપર્ક વિહોણા બની જવાની સ્થિતિમાં વાત્રક પુલની સમાંતરે નવા બ્રીજની જરુરીયાત હોવાનું લોકો જણાવી રહ્યા છે. એકમાત્ર હરસોલ-પ્રાંતિજ રોડ ઉપર આવેલા ખારી નદી પરના બ્રીજની મરામત માટે દરખાસ્ત કરાયાનું સૂત્રોએ જણાવ્યું છે.

કોઈપણ દુર્ઘટના બને ત્યારે તંત્ર અને સરકાર એક્શનમાં આવી જાય છે અને ક્યારેક સારાં પગલાં લેવાઈ જાય છે તો કેટલાક કિસ્સાઓમાં પગલાં લેવાનું કહી સમય પસાર કરી દેવામાં આવે છે. મોરબીના ઝૂલતા બ્રીજની દુર્ઘટનાના દેશ સુધી ઘેરાપ્રત્યાઘાત પડ્યા હતા. હાઈકોર્ટે પણ સખ્ખાઈ દાખવી જેના કારણે સરકારને પણ કડક હાથે કાર્યવાહી કરવી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી હતી. હાઈકોર્ટ દ્વારા મોરબી દુર્ઘટના પછી સરકાર પાસે કેટલા બ્રીજ જર્જરીત અને નબળા છે તેની વિગતો માંગવામાં આવી હતી અને અન્ય જિલ્લાની સાથે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા આર. એન્ડ બી. વિભાગ દ્વારા પણ જિલ્લાના તમામ ૪૯ બ્રીજ સલામત હોવાનો રિપોર્ટ થયો છે. જ્યારે બાયડ તાલુકાના વાત્રક ગામ પાસે વાત્રક નદી પરનો પુલ સંપૂર્ણ સલામત હશે પરંતુ તેના ઉપરથી વાહનો પસાર થાય ત્યારે નજીકમાં આવેલી વાત્રક હોસ્પિટલમાં પણ વાયબ્રેશનનો અનુભવ થાય છે. જેથી સરકારે પણ વાત્રક પુલની સમાંતરે બીજો પુલ તૈયાર કરવો જોઈએ. રખેને બ્રીજમાં કોઈ ક્ષતિ સર્જાઈ તો અનેક વિસ્તારો જિલ્લાના પાટનગરથી સંપર્ક વિહોણા બની જવાની પણ દહેશત સેવાઈ રહી છે. વિભાગના સૂત્રોનું માનીએ તો વર્ષ-૧૯૫૫માં ૧૫૦ મીટર લાંબા વાત્રક પુલનું નિર્માણ થયું હતું. પરંતુ દરેક બ્રીજ મેન્ટેનન્સ માગતા હોય છે. આ સંજોગોમાં ભલે જિલ્લામાંથી બ્રીજ સલામત હોવાનો રિપોર્ટ પહોંચ્યો હોય પરંતુ તજજ્ઞ ટીમો દ્વારા તેની પુન એકવાર ખરાઈ કરાવી લેવી આવશ્યક જણાઈ રહી છે.

**ખારી નદી ઉપરના બ્રીજની મરામત માટે રુ ૨ કરોડના ખર્ચનો અંદાજ**

મોરબીના ઝૂલતા પુલની દુર્ઘટના પછી જોખમી બ્રીજ અંગે સરકાર દ્વારા તમામ જિલ્લામાંથી વિગતો મેળવવામાં આવી હતી જેમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજના ખારી નદી ઉપરના બ્રીજની મરામત જરુર હોવાથી સરકાર દ્વારા મોકલવામાં આવેલી કન્સલ્ટીંગ એજન્સીએ ચકાસણી કર્યા પછી અંદાજીત રુ ૨ કરોડના ખર્ચે બ્રીજની મરામત કરવાની દરખાસ્ત વિભાગમાં મોકલ્યાનું સૂત્રોએ જણાવ્યું છે.

**વાત્રક બ્રીજ સંપૂર્ણ સલામત**

બાયડ તાલુકાના વાત્રક નદી ઉપરના બ્રીજ અંગે અનેકવાર પ્રજા અને વાહન ચાલકો દ્વારા પુલ નબળો પડ્યાની આશંકા સેવાતી આવી છે. આઝાદીના દાયકાઓ પછી પણ પુલ પહોળો થયો નથી ત્યારે આર.એન્ડ બી. સ્ટેટ વિભાગના અધિક્ષક દેવાંગભાઈ પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે વાત્રક બ્રીજ સંપૂર્ણ સલામત છે. કન્સલ્ટીંગ દ્વારા તેનું યોગ્ય રીતે ચેકીંગ પણ થયું છે.

**વાત્રક બ્રીજ સંપૂર્ણ સલામત**

બાયડ તાલુકાના વાત્રક નદી ઉપરના બ્રીજ અંગે અનેકવાર પ્રજા અને વાહન ચાલકો દ્વારા પુલ નબળો પડચાની આશંકા સેવાતી આવી છે. આઝાદીના દાયકાઓ પછી પણ પુલ પહોળો થયો નથી ત્યારે આર.એન્ડ બી. સ્ટેટ વિભાગના અધિક્ષક દેવાંગભાઈ પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે વાત્રક બ્રીજ સંપૂર્ણ સલામત છે. કન્સલ્ટીંગ દ્વારા તેનું યોગ્ય રીતે ચેકીંગ પણ થયું છે.

**જિલ્લામાં મુખ્ય બ્રીજ**

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૨૫ |
| અરવલ્લી | ૨૪ |

# ડીસા નજીકના ભોંયણ ગામમાં એક રાતમાં ચાર દુકાનોના તાળા તૂટ્યા

**3 લાખ રૂપિયા ઉપરાંતના સામાનની ચોરી કરી તસ્કરો પલાયન**

ડીસા, તા. ૫

ગઈ કાલ રાત્રે ડીસા તાલુકાના ભોયણ ગામે તસ્કરો ચાર દુકાનોના તાળાં તોડી રૂ.૩ લાખ ઉપરાંતના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતા પોલીસે તપાસ હાથ ધરી છે.



અગાઉ ડીસાના આખોલ ચાર રસ્તા પાસે બેથી ત્રણ વખત દુકાનોના એક સાથે તાળાં તૂટ્યા હતા. જ્યારે અનેક ગામોમાં તસ્કરોએ દુકાનો-મકાનોને નિશાન બનાવી હતી. હવે ગઈ રાત્રે ભોયણ ગામે તસ્કરોએ એક સાથે ચાર દુકાનોના તાળાં તોડી હાહાકાર મચાવ્યો હતો.અજાણ્યા તસ્કરોએ ભોયણ ગામના પાટીયાથી ભોયણ રેલવે ફાટક માર્ગ પર આવેલ કોમ્પલેક્ષમાં ખાતર, બિયારણ, સિમેન્ટ સહિતની ચાર દુકાનોના તાળાં તોડ્યા હતા. તેઓ દુકાનોમાંથી રૂપિયા ત્રણ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા હતા. સવારે ચોરીની જાણ થતા સમગ્ર ગામમાં હાહાકાર વ્યાપી ગયો હતો. આ અંગે ડીસા તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસે ઘટના સ્થળે દોડી આવી તસ્કરોને પકડવા કવાયત હાથ ધરી હતી.

# તલોદમાં વારંવાર વિજપુરવઠો ખોરવાઈ જતા ગ્રાહકો ગરમીમાં મુજાયા

તલોદ, તા.૫

તલોદમાં વારંવાર વિજ પુરવઠો ખોરવાઈ જતા ગ્રાહકો ભરઉનાળે ગરમીમાં મુશ્કેલીમાં મુકાયા છે. કલાકો વિજ પુરવઠો બંધ રહેતા ધંધો રોજગાર પર માઠી અસર વર્તાઈ છે. મંગળવાર સિવાયના દિવસે પણ રોજ બરોજ વિજ પુરવઠો ખોરવાઈ જતા ગ્રાહકોની કમ્પલેનો છતાં ગ્રાહક નંબર વગર કંમ્પલેન નોંધવા પર ગ્રહણ લાગી ગયું છે. વિજ અંગે પુછતાછ કામ કમ્પેલેનરોની કમ્પલેન નોંધવામાં ગ્રાહકોને ઉદ્ધતાઈનું વર્તન દાખવવામાં આવે છે. તૈયાર થઈ ગયેલા ઊભા પાકો વિજ બંધના કારણે સુકાઈ જવાની ભિતિ સેવાઈ રહી છે. સુધાસણા ગામના પોપટસિંહે જણાવ્યું હતું કે ધંધા રાજગારોમાં માંગ અને મોઘવારીને કારણે લોકો આર્થિક સ્થિતિ કળળી હોવાનું પણ જાણવા મળ્યું છે. વિજવાયરમેનો ચાની લારીએ પર હસીમજાક માં અઢળક કમ્પેલનો રાફલો જામી ગયો છે. છેલ્લા ઘણા સમયથી વિજ અંગે ઉચ્ચકક્ષાએ ગ્રાહકોને રજૂઆતને ધ્યાને ન લેતા તલોદ પંથકમાં સરકારના વચનો પોકળ નિવડ્યા હોવાનું રાપણીયા મહોબતસિહે જણાવ્યું હતું. નજીવા ફોલ્ટમાં સતત અંધાર પટ અને ગરમીમાં ત્રાસી ગયેલો લોકો મોટી મુશ્કેલીમાં મુકાયા છે. ધમધમતા ગ્રામ્ય અને બજારોમાં અવારનવાર વિજ બંધ થઈ જતા જનજીવન પર અસર જોવા મળે છે. નિયમિત વિજ બિલ ભરેલો ગ્રાહકો ને પણ વાયરમેનોને ચા પાણી ન મળતા ઘરઘથ્થુ લાઈટોથી વંચિત રાખવમાં આવે છે. આમ તલોદ પંથકમાં વિજ પુરવઠો કાયમી અને સતત મળી રહે તે માટે ગ્રાહકો ખેડૂતો એન વેપારીઓની ઉગ્ર માંગ છે.

# જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં ઠંડા પીણાના વેચાણમાં ગરમી

**૩૫૦૦થી વધુ બરફગોલા, જ્યુસ સેન્ટરો ધમધમ્યાં પણ ફૂડ વિભાગ નિંદ્રામાં**




બાયડ,તા.૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં ઠંડા પીણાના વેચાણમાં ગરમી આવી છે. શિવરાત્રિનું પર્વ સંપન્ન થયા પછી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બરફ ગોલા અને જ્યુસ સેન્ટરો ધમધમતાં થયાં છે. પરંતુ ફ્રૂડ વિભાગ પણ કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ છે. જિલ્લામાં ઉનાળાની સીઝનમાં આઈસ્ક્રીમ, બરફગોલા, લસ્સી તેમજ ફળોનું જ્યુસ પીરસતી હાટડીઓમાં વધારો થતો હોય છે અને સ્વચ્છતાના નામે ધુપ્પલ ચલાવાતું હોવાથી પ્રજા બિમારીમાં અચૂક સપડાતી હોવા છતાં સરકારી ફૂડ વિભાગને હજુ સુધી તપાસની ફ્રસદ ન મળતાં આશ્ચર્ય છે. જિલ્લામાં ૩૫૦૦થી પણ વધુ બરફગોલા, જ્યુસ સેન્ટર તેમજ શેરડી રસનાં કોલાં ધમધમવા લાગ્યાં છે. ઉનાળાના આરંભ સાથે તમામ વિસ્તારોમાં ઠંડાં પીણાંના વેચાણમાં ઉછાળો આવ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરમીમાં રાહત આપતા ઠંડા ખાદ્ય પદાર્થોના સ્ટોલ ધમધમતા થઈ ગયા છે પરંતુ સ્વચ્છતા સહિત ઠંડા પીણાંની ગુણવત્તા ચકાસવાનો ફૂડ વિભાગને હજુ સુધી સમય મળ્યો નથી જેથી પ્રજાનું આરોગ્ય જોખમાઈ શકે છે. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સવારથી સાંજ સુધી બરફગોલા, આઈસ્ક્રીમ, સરબત તેમજ અન્ય જ્યુસ સેન્ટરો ઉપર ગ્રાહકોની ભીડ શરુ થઈ ગઈ છે જેમાં કેટલાક વિસ્તારોમાં તો આરોગ્ય માટે જોખમી એવા સેક્રીન તેમજ અન્ય કલરની મિલાવટથી ઠંડાં પીણાં તૈયાર કરવામાં આવી રહ્યાં છે. વર્તમાન સમયમાં વાયરલ બિમારીઓએ માથું ઉંચક્યું છે અને તેમાંય અસંખ્ય લોકો ગળાની તકલીફથી પીળાઈ રહ્યા છે તેવા સમયે બિનઆરોગ્યપ્રદ આઈસ્ક્રીમ, ઠંડાંપીણાં તેમજ જ્યુસ પ્રજાનું આરોગ્ય વધુ કથળાવી શકે તેમ હોવા છતાં ફૂડ વિભાગની કામગીરી માત્ર કાગળ ઉપર જોવા મળી રહી છે. બંન્ને જિલ્લામાં શિવરાત્રિ પછી સીઝનલ ધંધા કરનારાઓએ ઠંડાં પીણાંનો વેપાર શરુ કરી દીધો છે જેમાં સ્વચ્છતાના નિયમોનો ઉલાળીયો જોવા મળી રહ્યો છે.

# પ્રાંતિજ તાલુકાની ચાર ગ્રામ પંચાયતોને સૂકા-ભીના કચરાના કલેક્શન માટે ઈ-રિક્ષા અપાઈ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગામડાઓમાં સુકો અને ભીનો કચરો ડોર ટુ ડોર જઈ અલગ-અલગ એકત્રિત કરવા ઈ-રીક્ષા તાલુકા પંચાયત પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારી ચૌધરીના હસ્તે લોકાર્પણ કરાયું.



પ્રાંતિજ તાલુકાના ઘડી, પોગલું, વડવાસા અને વાઘરોટા ગ્રામ પંચાયત ડોર ટુ ડોર કલેક્શન અને પ્રવાહી અને ધન કચરાનો યોગ્ય નિકાલ થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં ગ્રામ પંચાયત ઇ -રીક્ષા ઘેર ઘેર જઈને કચરો એકઠો કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે જેથી પ્લાસ્ટિક અને વેસ્ટ મટીરીયલ થકી ગામમાં ગંદકી ફેલાય અને યોગ્ય નિકાલ થકી વડાપ્રધાનના સ્વચ્છ ભારત મિશનને- પ્લાસ્ટિક મુક્ત ભારતના સ્વપ્નને સફળ બનાવી શકાય આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્યઓ, ગામના સરપંચઓ તેમજ સ્થાનિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.


**ઉનાળુ ખેતીની શરુઆતમાં ખેડૂતોના ખિસ્સા ઉપર વધુ એક બોજ**

# જિલ્લામાં બોરવેલ, કેસીંગ ઉતારવાના ભાવમાં વધારો

**બોરીંગમાં ફૂટના ભાવ ૧૫, કેસીંગમાં રૂા. ૧૦૦નો વધારો થયો**

બાયડ, તા.૫

ઉનાળુ ખેતીની શરુઆત થઈ છે ત્યાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતોના ખિસ્સા ઉપર વધુ એક બોજ પડ્યો છે. પાણીનાં તળ ઉંડાં જતાં ખેડૂતોએ બોરા બનાવવાની તેમજ હયાત બોરમાં કેસીંગ ઉતારવાની તૈયારીઓ કરી છે પરંતુ આ વર્ષે બોરીંગમાં ફૂટના ભાવ રુ ૧૫ અને કેસીંગ ઉતારવાના ભાવમાં રુ ૧૦૦નો વધારો થયો છે. આગામી સમયમાં બોરવેલના ભાવમાં હજુ વધારો થવાની શક્યતા જણાઈ રહી છે.



દર વર્ષે ઉનાળામાં ખેતીની સીઝનમાં ખેડૂતોને સિંચાઈના પાણીની સમસ્યા સતાવતી હોય છે. જળાશયોમાંથી છોડવામાં આવતા સિંચાઈના પાણીનો લાભ કમાન્ડ એરીયાના ખેડૂતોને મળતો હોય છે પરંતુ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારો સુધી હજુ કેનાલના પાણી પહોંચ્યાં નથી જેથી હજારો ખેડૂતો બોરા દ્વારા સિંચાઈ કરતા હોય છે જેમાં ઉનાળાના આરંભ પાણીનાં તળ નીચાં જતાં હોય છે જેથી નવા બોરકૂવા તૈયાર કરવાની ખેડૂતોને ફરજ પડતી હોય છે. જિલ્લામાં ઉનાળુ ખેતીનો માંડ આરંભ થયો છે ત્યાં અનેક વિસ્તારોમાં ખેડૂતોએ નવા બોરકૂવા કરવાની તેમજ હયાત બોરકૂવામાં કેસીંગ પાઈપ ઉતારવાની શરુઆત કરી તે સાથે ભાવમાં વધારો ઝીંકાયો છે જેમાં અગાઉ નવા બોરના ૧ ફૂટનો ભાવ રુ ૮૫ હતો તેમાં રુ ૧૫નો વધારો થયો ત્યારે કેસીંગ પાઈપ ઉંડી ઉતારવામાં પણ રુ ૧૦૦ના વધારા સાથે ભાવ રુ ૪૦૦ થી ૪૫૦ સુધી પહોંચી જતાં ખેડૂતોને વધારાનો બોજ સહન કરવાનો વારો આવ્યો છે. ગત ચોમાસામાં સારો વરસાદ વરસ્યો હોવા છતાં આશ્ચર્યજનક રીતે ભૂગર્ભ જળ સપાટીમાં ઘટાડો થવાથી તળ વધુ ને વધુ ઉંડાં જઈ રહ્યાં છે જેના કારણે ઉનાળુ ખેતીના આરંભે ખેડૂતોને નવા બોરા તૈયાર કરવાની નોબત આવી છે.

# બનાસકાંઠા એલ.સી.બી. એ ચોરીની બે બાઈક સાથે એકને ઝડપી પડ્યો

પાલનપુર તા.૫

બનાસકાંઠા એલસીબી પોલીસે ધાનેરા વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ થયેલા વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,પોલીસે બે બાઈક સાથે એકની અટકાયત કરી ધાનેરા પોલીસને સોપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ મહા નિર્દેષક રેન્જ ભુજ જે.આર.મોરથલીયા તેમજ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા એ મીલ્કત સંબધી તેમજ ચોરીના બનતા ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે એસ.ડી.ધોબી પોલીસ ઈન્સ્પેક્ટર નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પાલનપુરના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી.ભટ્ટ તથા પી.એલ.આહીર તેમજ એચ.કે.દરજી સાહેબ નાઓના માર્ગદર્શન મુજબ ધાનેરા પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. આ દરમીયાન બાતમી હકીકત મેળવી પ્રકાશભાઈ ગેનારામ ગોદારાને ઝડપી તેની પાસેથી બે બાઈક ડીટેકટ કરી હતી. આરોપી પ્રકાશભાઈ ગેનારામ ગોદારા ની અટકાયત કરી મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ પોલીસે રેલ્વે સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલ બે ગાયો સાથે બે ઈસમોને ઝડપી પાડયા

**પોલીસે આરોપીના ઘર આગળ બાંધેલ બે ગાયો મુળ માલિકને પરત કરી : ચોરી કરેલ ગાયો ખોડીયાર કુવા ઘર આગળ બાંધી હતી : પોલીસે બન્ને વિરૂધ્ધ ગુનોનોંધી જેલ ભેગા કર્યા**

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના રેલ્વેસ્ટેશન ઉપર ઘર આગળ બાંધેલ બે ગાયોની ચોરી કરનાર બે ઈસમો ને ગાયો સાથે ઝડપી પાડી જેલ ભેગા કર્યા. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર જીઈબી પાછળ રહેતા વનરાજસિંહ ઈશ્વરસિંહ રાઠોડ કે જેવો પોતે ખેતી સાથે પશુપાલનો વ્યવસાય કરે છે અને તેઓ પોતાના ઘર આગળ ત્રણ ગાયો રાખેલ છે અને રાત્રી દરમ્યાન પોતાના ઘર આગળ ખુલ્લી જગ્યા મા બાંધેલ ત્રણ ગાયો માંથી બે ગાયોને રાત્રી દરમ્યાન ગામમાજ રહેતા કિશન મહેશભાઈ મારવાડી તથા બ્રિજેશ રણછોડભાઈ માજીરાણા બન્ને રાત્રીના સમયે ઘર આગળ બાંધેલ દુધની બે ગાયો જેની અંદાજિત કિંમત-૪૦,૦૦૦ ની ચોરી કરી લઈ ગયા હતા અને ચોરી કરી લાવીને પ્રાંતિજ ખોડીયાર કુવા ખાતે આવેલ કિશન મહેશભાઈ મારવાડી ના મકાન આગળ બાંધી દીધી હતી તો પશુ માલિક દ્વારા પોતાના ઘર આગળ બાંધેલ ગાયો ને સવાર ના સમયે દોહવા જતા ત્રણ ગાયો માંથી બે ગાયો ના હોય ઘર લોકો ને જાણ કરી હતી અને આજુબાજુ મા તપાસ કરતા કોઈ જગ્યાએ મળી આવી નહતી તો વોટશોપ ગુપમા ગાય ચોરી કરેલ ઈસમ સાથે ગાયો નો ફોટા વાયરલ થતા ફોટા ના આધારે ગાય માલિકે પોતાના બન્ને ગાયો ને ઓળખી કાઢી હતી અને ફોટા



મા રહેલ ઈસમ કિશન મારવાડી ની પણ ઓળખ થતા તે પ્રાંતિજ ખોડીયાર કુવા વિસ્તાર પાસે રહેતો હોય તેના ઘર આગળ આવી ને તપાસ કરતા બન્ને ગાયો બાંધેલ હોય ગાય માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો પ્રાંતિજ પોલીસ કિશન મારવાડી ના ઘરે આવી હતી અને ત્યા બાંધેલ બન્ને ગાયો મુળ માલિક ને પરત કરી કિશન મહેશભાઈ મારવાડી તથા બ્રિજેશ રણછોડભાઈ માજીરાણા ની અટકાયત કરી હતી અને ગાય માલિક વનરાજસિંહ ઈશ્વરસિંહ રાઠોડ ની ફરિયાદ ને લઈ ને આઈપીસીકલમ ૩૭૯,૧૧૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.